આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૩૨૭ ૮ ફેબ્રુઆરી, ૨૦૧૪, શનિવાર; મહા સુદ - ૯ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

સમય આપણને શાણા બનાવે તે પહેલાં આપણે સમયસર શાણા બની જવું જોઇએ

*- તમિલ કહેવત*

## NEWS બિટ્સ

**● અંબાણીની વિજળી કંપનીઓને ખદેડી મુકીશુ**

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ



કેજરીવાલ દિલ્હીને વિજળી સપ્લાય કરતી ખાનગી વિજળી કંપનીઓ પર ત્રાટક્યા હતા. દેશના પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિ અનીલ અંબાણીની બે કંપનીઓ પણ દિલ્હીને વિજળી પુરી પાડે છે. કેજરીવાલે આક્રમક મુડમાં કહ્યું હતુ કે વિજળી કંપનીઓ જો ચોરી કરશે તો તેમને બક્ષવામાં નહી આવે અને તેમને દિલ્હીથી તગેડી મુકાશે.

**● સરદાર સામે શિવાજીની વિશાળ પ્રતિમા**

મહારાષ્ટ્ર સરકાર મુંબઈમાં



નરિમાન પોઈન્ટ પાસે કરોડોના ખર્ચે દુનિયાની સૌથી ઉંચી શિવાજી મહારાજની પ્રતિમા બનાવશે. ગુજરાત સરકાર દ્વારા બનાવવામાં આવનાર સરદાર પટેલના સ્ટેચ્યુ ઓફ યુનિટી કરતા પણ શિવાજી મહારાજની પ્રતિમા ઉંચી હશે. મુંબઈ નજીક અરબી સમુદ્રમાં આ પ્રતિમા ઉભી કરાશે. જેની ઉંચાઈ ૧૯૦ મીટર જેટલી ઉંચી હશે.

# મુસ્લિમ સમાજના વિકાસ માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે :નરેન્દ્ર મોદી

**મુસ્લિમ ઉદ્યોગકારોના ઉમ્મત કોન્કલેવનું મોદી દ્વારા ઉદઘાટન : સાબરમતી રિવરફ્રન્ટ ખાતે મુસ્લિમ કારોબારીઓ અને ઉદ્યોગપતિઓ સાથે મોદીની હાજરી :વિકાસ યાત્રામાં દરેક વ્યક્તિની ભાગીદારી સુનિશ્ચિત કરાઈ**

અમદાવાદ, તા.૭

ગુજરાતમાં બિઝનેસ કોન્કલેવ મારફતે મુસ્લિમ સમુદાય સુધી



પહોંચવાના મોદીએ આજે પ્રયાસ કર્યા હતા અને મુસ્લિમ ઉદ્યોગપતિઓ સાથે વાતચીત કરી હતી. મોદીની ઉપસ્થિતિમાં મુસ્લિમ કોન્કલેવનો પ્રારંભ થતા દેશભરમાં આને લઈને નવી ચર્ચા જાગી છે. મોદીએ મુસ્લિમ ઉદ્યોગપતિઓ સાથે વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. બિઝનેસ વિથ હાર્મનીનો મુખ્ય હેતુ આની પાછળ રાખવામાં આવ્યો છે.

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, સત્તાના માધ્યમ થકી જનતાનું સશક્તિકરણ એ ભાજપાની રાજનીતિ રહી છે અને ગુજરાતમાં કોઈપણ કોમ અને સંપ્રદાયના નાગરીકનું સશક્તિકરણ કરીને સૌનો સાથ સૌનો વિકાસનો સંકલ્પ સાકાર કર્યો છે. ઉમ્મત બિઝનેસ કોન્કલેવનું ઉદઘાટન અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ઉપર આજે મુખ્યમંત્રીએ કર્યું હતું. ગુજરાતમાં લઘુમતી મુસ્લિમ બિઝનેશ કોમ્યુનિટીએ બિઝનેસ હાર્મનીની થીમ ઉપર આ કોન્કલેવમાં ભાગ લીધો છે. ઉમ્મત બિઝનેશ કોન્કલેવમાં ઉદ્યોગ-વ્યાપારના વિવિધ સ્ટોલનું નિરીક્ષણ કરી મુખ્યમંત્રીએ જણાવ્યું કે, ગુજરાતની ઓળખ અને શક્તિ એન્ટરપ્રિનિયોર સોસાયટીની રહી છે અને તેને બળવત્તર બનાવવાથી આપણે વિશ્વમાં સ્પર્ધાત્મક અર્થ વ્યવસ્થામાં તો આપણો પ્રભાવ ઉભો કરી શકીશું એટલું જ નહીં, આપણી ભાવિ પેઢીઓને પણ નિરંતર પ્રગતિની રાહ ઉપ સમૃદ્ધ બનાવી શકીશું. ગ્લોબલ માર્કેટની સ્પર્ધામાં સ્થાન જમાવવા માટે બ્રાન્ડ ઈન્ડિયા ઈમેજ ઉભી કરવા માટે ઝીરો ડિફેક્ટ પ્રોડક્ટની વિશ્વસતીયતા ઉભી કરવા તેમણે આહવાન કર્યું હતું. મુખ્યમંત્રીએ જણાવ્યું કે ગુજરાતમાં જેમણે પોતાના પ્રગતિના સપના સાકાર કરવા છે તેને સુરક્ષા, સમાનતા, સમૃદ્ધિ અને અવસર સાથે વિકાસમાં ભાગીદાર બનવાનું વાતારવણ ઉભું કર્યું છે. ગુજરાતનો યુવાન જોબ સીકર નહીં જોબ ક્રિએટર બને એ મિજાજ સાથે સૌને વિકાસમાં જોડ્યા છે તેમ તેમણે ઉમેર્યું હતું. વિકાસની યાત્રામાં ગુજરાતના દરેક વ્યક્તિની ભાગીદારી સુનિશ્ચિત કરી છે તેની ભૂમિકા આપી મુખ્યમંત્રીએ જણાવ્યું કે દરેક

● અનુસંધાન પાન-૭ પર

## મળશે નહિ

સેક્ટર-૧૭ના

**ડૉ. યશવંત બી. છાટબાર**

કાન,નાક, ગળાના સર્જન

અકોલા લેસર સર્જરી કોન્ફરન્સમાં લેસર સર્જરી પર વક્તવ્ય આપવા જવાના હોવાથી તા. ૮,૯ ફેબ્રુઆરી મળી શકશે નહિ.







